કપાસિયા તેલના નમૂના લેવાયા

# વાઘોડિયા રોડ પર ખોરાક શાખાના દરોડા



(પ્રતિનિધિ) વડોદરા તા.23 શહેરના વાઘોડિયા રોડ પર આવેલા ઉમા ચાર રસ્તા પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોરાક શાખા દ્વારા અચાનક દરોડા પાડીને સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. તહેવારો અને સામાન્ય દિવસોમાં નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાસભર ખાદ્યપદાર્થો મળી રહે તે હેતુથી આ કામગીરી શરૂ કરવામાં આવી છે. કોર્પોરેશનની ટીમ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન વિવિધ ખાદ્ય પદાર્થોની ચકાસણી કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં વેપારીઓને ત્યાંથી કપાસિયા તેલના નમૂના લેવામાં આવ્યા છે. આ લેવાયેલા નમૂનાઓને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. ખોરાક શાખાની ટીમ દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની ચકાસણી કરવાની સાથે સાથે વેપારીઓને દુકાન તથા આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અંગે પણ કડક સૂચનાઓ આપવામાં આવી રહી છે.

આ રોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ દરમિયાન અન્ય ખાદ્ય પદાર્થોના નમૂના પણ એકત્ર કરવામાં આવશે. જો લેબોરેટરી રિપોર્ટમાં ગુણવત્તામાં કોઈ ખામી અથવા ભેળસેળ માલૂમ પડશે કે તપાસ દરમિયાન કોઈ ક્ષતિ જણાશે, તો સંબંધિત વેપારીઓને નોટિસ આપીને કાયદાકીય કડક આગળની કાર્યવાહી કરવામાં આવશે. ખોરાક શાખાની આ સરપ્રાઈઝ ચેકિંગ કાર્યવાહીથી વિસ્તારના વેપારીઓમાં ફાળચો વ્યાપી ગયો છે.

સ્થાનિકો દ્વારા તંત્રની કામગીરી સામે સવાલો

# ગોકુલ ટેનામેન્ટ-વુડાના મકાનો પાસે ડ્રેનેજનું ઢાંકણું બેસી જતા ગંભીર અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) વડોદરા તા.23 વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર ૧૬માં ગોકુલ ટેનામેન્ટ અને વુડાના મકાનોની સામે છેલ્લા પંદર દિવસથી રોડની અત્યંત બિસ્માર અને જોખમી હાલત જોવા મળી રહી છે, જેને લઈને સ્થાનિક રહેવાસીઓમાં તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે. અહીં રોડ ડેમેજ થવાની સાથે ડ્રેનેજનું ઢાંકણું બેસી ગયું છે, જેના કારણે ગમે ત્યારે મોટો ભુવો પડવાની અને ગંભીર અકસ્માત સર્જાવાની પૂરી શક્યતાઓ દેખાઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ સમસ્યા છેલ્લા પંદર દિવસથી યથાવત છે છતાં વહીવટી તંત્ર દ્વારા કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી. સ્થાનિક રહીશોના આક્ષેપ મુજબ, તંત્ર દ્વારા માત્ર દેખાડા માટે 'રસ્તો




બંધ છે અને કામ ચાલુ છે' તેવા બોર્ડ અને બેરિકેડ્સ લગાવી દેવામાં આવ્યા છે, પરંતુ વાસ્તવિકતામાં જમીની સ્તરે કોઈ જ કામગીરી આગળ વધારવામાં આવી નથી. આ વિસ્તારમાં નાના બાળકો મોટી સંખ્યામાં રોડ પર રમતા હોય છે, ત્યારે જો કોઈ ગંભીર દુર્ઘટના સર્જાઈ તો તેની જવાબદારી કોની રહેશે તેવો સવાલ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. અગાઉ માંજલપુર વિસ્તારમાં બનેલી દુર્ઘટનાનો સંદર્ભ ટાંકીને લોકોએ તંત્રની લાપરવાહી ભરેલી કામગીરી સામે ગંભીર સવાલો ખડા કર્યા છે. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ચૂંટણીના સમયે મત માંગવા માટે આવતા નેતાઓ અને પ્રતિનિધિઓ આજે આવી જાહેર સમસ્યાઓ સામે આંખ આડા કાન કરી રહ્યા છે. તંત્રની આ પ્રકારની નિષ્ક્રિયતા અને ઢીલી નીતિ જોઈને એવું પ્રતીત થાય છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિની રાહ જોઈ રહ્યું છે? વાહનચાલકો અને ફોરવીલર ચાલકો માટે પણ આ રસ્તો અત્યંત જોખમી સાબિત થઈ રહ્યો છે. સ્થાનિકોએ વહીવટી તંત્ર પાસે ઉગ્ર માંગ કરી છે કે વહેલી તકે આ જોખમી સ્થિતિનું નિરાકરણ લાવીને તાત્કાલિક ધોરણે રોડ અને ડ્રેનેજનું સમારકામ કરવામાં આવે, જેથી નાગરિકો સુરક્ષિત રહી શકે.

પહેલા માળના રૂમમાં અજાણ્યા કારણોસર આગ લાગતા અફરાતફરી

# શહેરના અકોટાની સૃષ્ટિ રેસિડેન્સીમાં આગ ભભૂકી,તંત્રમાં ભારે દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23 વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલ સૃષ્ટિ રેસિડેન્સીમાં આગ લાગવાની ઘટના બની હતી. સૃષ્ટિ રેસિડેન્સીના પહેલા માળે આવેલા એક મકાનના બેડરૂમમાં મોડી રાત્રે અચાનક આગ ભભૂકી ઉઠતા રહીશોમાં દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, બેડરૂમમાં અજાણ્યા કારણોસર આગ લાગી હતી. જોતજોતામાં ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગતા સોસાયટીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક રહીશોએ તાત્કાલિક આગ અંગે જાણ કરતા ડાયલ 112 ની ટીમ સ્થળ પર પહોંચી હતી. ઘટનાની જાણ થતા વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગને કાબૂમાં લીધી હતી.

## ગોત્રી ગોકુલ નગરમાં રિદ્ધિ કલેક્શન નામની કપડાની દુકાનમાં ભીષણ આગ, માલસામાન બળીને ખાખ

શહેરના ગોત્રી વિસ્તારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ગોત્રીના ગોકુલ નગર વિસ્તારમાં આવેલ રિદ્ધિ કલેક્શન નામની કપડાની



દુકાનમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ વાસણા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ રિદ્ધિ કલેક્શન દુકાનમાં આગ લાગતા જોતજોતામાં દુકાનમાં રાખેલો તમામ કપડાનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ વાસણા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

દિવાળીપુરાની સંપત પાર્ક સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

# મકાનનું તાળું તોડી રૂા. ૫૧ હજારની મતાની સાફસૂફી

(પ્રતિનિધિ) વડોદરા તા.23 વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવોમાં વધારો થતો હોય તેમ તસ્કરોએ દિવાળીપુરા વિસ્તારમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. ન્યૂ કોર્ટ રોડ પર યુરોકેર હોસ્પિટલ સામે આવેલી સંપત પાર્ક સોસાયટીમાં રહેતા યુવકના મકાનના મુખ્ય દરવાજાનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશેલા તસ્કરો તિજોરીમાંથી રૂ. 51 હજારની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે યુવકે અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવી છે. દિવાળીપુરા કોર્ટ પાસે આવેલી સંપત પાર્ક સોસાયટીના સી/07 નંબરના મકાનમાં રહેતા 23 વર્ષીય કાર્તિકકુમાર સોલંકી ગોત્રીની મંગલમ હોસ્પિટલમાં નોકરી કરે છે. ગત 20 ઓક્ટોબરની રાત્રે આશરે 8:30 વાગ્યે તેઓ પરિવાર સાથે સાસરીમાં જમવા ગયા હતા. ત્યારબાદ નાઈટ શિફ્ટમાં નોકરી હોવાથી રાત્રે આશરે 12:15 વાગ્યે તેઓ ચાર્જિંગ લેવા ઘરે આવ્યા હતા અને મુખ્ય દરવાજે લોક મારી નોકરી પર જતા રહ્યા હતા. બીજી તરફ, 21 ઓક્ટોબરની રાત્રિ દરમિયાન તસ્કરોએ તેમના મકાનના મુખ્ય દરવાજાનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. બેડરૂમમાં મૂકેલી તિજોરીનું લોક તોડી તેમાં રાખેલા દાગીના ચોરી લીધા હતા. સવારે આશરે 6:30 વાગ્યે પાડોશી રેખાબેને ફોન કરીને દરવાજાનું લોક તૂટેલું હોવાની જાણ કરતાં કાર્તિકકુમાર ઘરે દોડી આવ્યા હતા. ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળતાં તપાસ કરી હતી. તિજોરીમાંથી ચાંદીની ચાર જોડી કડલી, ચાર ચાંદીની લકી, ચાંદીની ચેન, ચાંદીના સડા, સોનાની નથ, ચાંદીનું બ્રેસલેટ અને ચાંદીની બે જોડી બુટ્ટી સહિત કુલ રૂ. 51 હજારના દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. પરિવાર હોસ્પિટલના કામમાં વ્યસ્ત હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો.

ખુલ્લા મેનહોલ 'મોતના કૂવા' સમાન બન્યાં

# અકોટા મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશન પરિસરમાં ગંદકીનું સામ્રાજ્ય

**શું સ્વચ્છતા અભિયાન માત્ર** ફોટો સેશન પૂરતા જ મર્યાદિત છે? વહીવટી તંત્રના આંગણે જ નાગરિકોનો જીવ જોખમમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.23 શહેરના અકોટા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને નાગરિકોની સુરક્ષા સામે ગંભીર સવાલ ઉઠાવતી પરિસ્થિતિ સામે આવી છે. જ્યાં એક તરફ સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનના દાવા કરવામાં આવે છે, તો બીજી તરફ વહીવટી તંત્રના મુખ્ય અધિકારીઓ અને સુરક્ષાકર્મીઓ જે સરકારી સંકુલોમાંથી કામગીરી સંભાળે છે, તેવા અકોટા મામલતદાર કચેરી અને તેની બિલકુલ બાજુમાં આવેલા અકોટા પોલીસ સ્ટેશન પરિસરમાં જ સ્વચ્છતાના સાવ ધજાગરા ઉડતા જોવા મળ્યા છે. સરકારી કચેરીઓના આવા પ્રશાસનિક પરિસરોમાં જ જો સ્વચ્છતાનો અભાવ જોવા મળે, તો વડોદરામાં ચાલતા સ્વચ્છતા અભિયાનો અને કાર્યક્રમોની વાસ્તવિકતા સામે મોટા પ્રશ્નો ઊભા થાય છે. સામાન્ય જનતામાં એ ચર્ચા જોરશોરથી ચાલી રહી છે કે શું આ સ્વચ્છતા અભિયાનો માત્ર ફોટો સેશન અથવા કાગળ પર દેખાડા પૂરતા જ મર્યાદિત છે? માત્ર ચારેય તરફ ફેલાયેલી ગંદકી જ નહીં, પરંતુ આ સમગ્ર



પરિસરમાં જોખમી રીતે ખુલ્લા પડેલા ગટરના ઢાંકણાઓ નાગરિકો માટે 'મોતના કૂવા' સમાન સાબિત થઈ રહ્યા છે. રોજબરોજ સરકારી કામકાજ અર્થે કચેરીની અંદર અને બહાર અવરજવર કરતા અરજદારો, વૃદ્ધ સિનિયર સિટીઝનો અને નાના બાળકો માટે આ ખુલ્લા મેનહોલ કોઈ મોટા અને ગંભીર અકસ્માતને સીધું નિમંત્રણ આપી રહ્યા છે. અધિકારીઓ અને જવાબદાર તંત્રની નજર સામે જ આ બેદરકારી વર્ષોથી ચાલી રહી છે, છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી. ત્યારે સ્થાનિક નાગરિકો અને અરજદારોમાં વહીવટી તંત્રની આ ઉદાસીનતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પત્નીએ છૂટાછેડાની વાત કરતાં પતિએ મારઝૂડ શરૂ કરી

# ગોરવામાં પતિ બે વર્ષથી ઘરખર્ચ અને બાળકોની ફી ન આપતાં વિવાદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23 વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં પતિ છેલ્લા બે વર્ષથી ઘરખર્ચ માટે નાણાં આપતા ન હોવા અને બાળકોની સ્કૂલ ફી પણ નહીં ભરતા હોવાના કારણે કંટાળેલી પત્નીએ 181 અભયમની મદદ માંગી હતી. પત્નીએ છૂટાછેડા લેવાની વાત કરતાં પતિએ ઝઘડો કરી મારપીટ કરતાં મામલો અભયમની ટીમ સુધી પહોંચ્યો હતો. ગોરવા વિસ્તારમાં રહેતી મહિલાના પતિ છેલ્લા કેટલાક વર્ષોથી લોન અપાવવાનું કામ કરતા હતા. આ કામમાંથી મળતા પૈસા તેઓ અગાઉ ઘરખર્ચ માટે આપતા હતા, પરંતુ છેલ્લા બે વર્ષથી તેમણે ઘરમાં પૈસા આપવાનું બંધ કરી દીધું હતું. બાળકોની સ્કૂલ ફી પણ ભરતા ન હોવાથી મહિલા ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી હતી. આ પરિસ્થિતિથી કંટાળીને મહિલાએ છૂટાછેડા લેવાની વાત કરતાં

CALL 181
મહિલા હેલ્પલાઇન
સલાહ • બચાવ–મદદ • સૂચન–માર્ગદર્શન

પતિએ ઝઘડો કરી મારપીટ કરી હતી. આથી મહિલાએ 181 અભયમની મદદ માંગતાં ટીમે સ્થળ પર પહોંચી બંને પક્ષોની વાત સાંભળી હતી. ત્યારબાદ પતિનું કાઉન્સેલિંગ કરી કાયદાકીય માહિતી આપવામાં આવી હતી. પત્ની અને બાળકોની જવાબદારી નિભાવવા સમજાવતાં પતિએ પોતાની ભૂલ બદલ માફી માંગી હતી. સાથે જ હવે પછી પત્ની પર હાથ નહીં ઉપાડે, બાળકોની ફી ભરશે અને ઘરખર્ચ માટે દર મહિને રૂ.10 હજાર આપશે તેવી બાંહેધરી આપી હતી. આમ, અભયમની ટીમે બંને વચ્ચે સમાધાન કરાવ્યું હતું.

# વીજ તંત્રની ગંભીર બેદરકારીનો ભોગ બન્યો અબોલ જીવ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ શહેરના નિઝામપુરા વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડની ગંભીર બેદરકારી સામે આવતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફેલાયો છે. નિઝામપુરા ખાતે આવેલા જયપ્રકાશ સોસાયટી નજીક વીજપોલમાં અચાનક વીજ કરંટ ઉતરવાની ગંભીર ઘટના બની હતી. આ કરંટની ઝપેટમાં આવી જવાથી એક નિર્દોષ વાનર ગંભીર રીતે દાઝી ગયો હતો, જેને પગલે તેને પોતાનો એક હાથ હંમેશ માટે ગુમાવવાનો વારો આવ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં એમજીવીસીએલ દ્વારા વર્ષો પહેલાં ડીપી અને વીજપોલ સ્થાપિત કરવામાં આવ્યા હતા. લાંબા સમયથી તંત્ર દ્વારા આ વીજપોલ અને લાઈનોની યોગ્ય ચકાસણી કે સમારકામ ન કરવામાં આવતા તેમાં ખુલ્લા વાયરો અને લીકેજની સમસ્યા સર્જાઈ હતી.

ફાયર વિભાગે ગાઈડલાઈન જાહેર કરી

# વડોદરામાં રાત્રે ૧૦ વાગ્યા પછી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

**સુપ્રીમ કોર્ટના નિયમ** મુજબ રાત્રે 10 થી સવારે 6 સુધી ફટાકડા પર સખત મનાઈ,નિયંત્રિત વિસ્તારોમાં પણ પ્રતિબંધ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23 પ્રકાશ અને ઉલ્લાસના પર્વ દિવાળીની ઉજવણી સુરક્ષિત રીતે થાય અને શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ કે આગની દુર્ઘટના ન સર્જાય તે માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટ અને જિલ્લા પ્રશાસનના નિયમોને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગે શહેરમાં રાત્રે 10:00 વાગ્યાથી સવારે 6:00 વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર સખત પ્રતિબંધ ફરમાવ્યો છે. નિયંત્રિત અને પ્રતિબંધિત વિસ્તાર જેવા કે હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થા, ધાર્મિક સ્થળો અને પેટ્રોલ પંપની આસપાસ પણ ફટાકડા ન ફોડવાની કડક સૂચના આપવામાં આવી છે.ફાયર વિભાગે નાગરિકોની સલામતી માટે મુખ્ય ગાઈડલાઈન જાહેર કરી છે.

જેમાં બાળકો ફટાકડા ફોડે ત્યારે વડીલોની હાજરી અનિવાર્ય રાખવી, બાળકો સલામત અંતર જાળવે તેનું ધ્યાન રાખવું, દાઝવાના જોખમને ટાળવા સિન્થેટિક કે નાયલોનના કપડાને બદલે સુતરાઉ વસ્ત્રો પહેરવા, ખુલ્લા પ્લોટમાં કચરો કે સૂકું ઘાસ ન રાખવું, વાહનો પર જ્વલનશીલ પ્લાસ્ટિક કવર ન ઢાંકવા અને કોઈ પણ આકસ્મિક આગ માટે ઘર કે સોસાયટીમાં પાણી ભરેલા ડ્રમ-બાલ્ટી તૈયાર રાખવા જણાવ્યું છે.આ ઉપરાંત ફાયર વિભાગે જણાવ્યું છે કે, ફટાકડા ફોડતી વખતે બંધ રૂમમાં કે ગીચ વિસ્તારમાં ફટાકડા ન ફોડવા, હાથમાં રાખીને ફટાકડા ન ફોડવા અને દારૂગોળાથી ભરેલા ફટાકડાનો ઉપયોગ ટાળવો.

આગની કોઈ પણ ઘટના બને તો તાત્કાલિક 101 અથવા વડોદરા ફાયર કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. તહેવાર દરમિયાન ફાયર વિભાગની ટીમો સતત એલર્ટ મોડ પર રહેશે. નાગરિકોએ નિયમોનું ચુસ્ત પાલન કરીને દિવાળીને સલામત બનાવવા પાલિકા તંત્રએ અપીલ કરી છે. તહેવારનો આનંદ સુરક્ષિત રીતે માણવા માટે નાગરિકોને આ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા પાલિકા તંત્રએ અપીલ કરી છે.

કોન્ટ્રાક્ટરની કામગીરી સામે ગંભીર સવાલો

# વડોદરામાં કરોડોના ખર્ચ છતાં બ્રિજ-નાળાની જર્જરિત હાલત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ નગરજનોના ટેક્સના કરોડો રૂપિયાના માતબર ખર્ચે થતી વિકાસના કામોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આરાધના સિનેમાથી બહુચરાજી સ્મશાન તરફ જતા મુખ્ય માર્ગ પર વિશ્વામિત્રી કાંઠાના નાળા અને બ્રિજની સ્થિતિ અત્યંત દયનીય અને જર્જરિત બની ગઈ હોવાનો આક્ષેપ સામાજિક કાર્યકર દ્વારા કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ આ સ્થળે કરવામાં આવેલી જાત-તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે મહાનગરપાલિકા દ્વારા લાખો-કરોડો રૂપિયા ખર્ચીને બ્રિજ અને નાળાનું રિનોવેશન કરવામાં આવ્યું હોવા છતાં, કામની ગુણવત્તા સાવ નબળી નીકળી છે. બ્રિજની બંને બાજુની રેલિંગના સિમેન્ટના પોપડા અત્યારથી જ ઉખડી રહ્યા છે અને અંદરથી લોખંડના સળિયા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. આ સંદર્ભે પ્રતિક્રિયા આપતા સામાજિક કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે, કંઈક એવું



લાગી રહ્યું છે કે કામચોર કોન્ટ્રાક્ટરોએ માત્ર 'લાલી-લિપસ્ટિક' અને મેકઅપ પાઉડર લગાવીને બિલ બનાવી દીધા છે અને તે પાસ પણ થઈ ગયા છે. વડોદરા શહેરની સરકારી તિજોરીને તળિયા જાટક કરવાનું આ મોટું ષડયંત્ર છે. તંત્ર દ્વારા આ બ્રિજની બંને બાજુ ભારે વાહનોના પાર્કિંગ પર કડક પ્રતિબંધ અને દંડનીય કાર્યવાહીના ચેતવણીરૂપ સાઈનબોર્ડ્સ પણ લગાવવામાં આવ્યા છે. છતાં સ્થાનિક સ્તરે નિયમોના લિરેલિરા ઊડી રહ્યાં છે.

દીવા તળે જ અંધારું જેવો ઘાટ સર્જાયો

# પાલિકાની વડી કચેરી નીચે ફૂલ બજારમાં ૫ મહિનાથી ટોયલેટના પાણીનું લીકેજ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23 સ્વચ્છતા અને વિકાસના મોટા દાવા કરતી વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરીની પોતાની જ ઈમારત નીચે ગંદકી અને બેદરકારીની પરાકાષ્ઠા જોવા મળી રહી છે. પાલિકાની મુખ્ય કચેરીની બરાબર નીચે આવેલા ફૂલ અને પૂજાપાના બજારમાં છેલ્લા પાંચ મહિનાથી ટોયલેટનું ગંદું પાણી સતત લીક થઈને વરસી રહ્યું છે, છતાં સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓની આંખ ઉઘડતી નથી.

મહાનગરપાલિકાની વડી કચેરીમાં રોજબરોજ ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ અને હજારો નાગરિકો અવરજવર કરતા હોય છે. કચેરીની બરાબર નીચે જ આ ગંભીર સમસ્યા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ફૂલ બજાર અને પૂજાપાની દુકાનો ધરાવતા આ વ્યસ્ત વિસ્તારમાં ખરીદી



કરવા માટે આવતા નાગરિકોના માથા પર ટોયલેટનું ગંદું પાણી ટપકે છે, જેના કારણે નાગરિકો અત્યંત શરમજનક અને દયનીય પરિસ્થિતિનો સામનો કરવા મજબૂર બન્યા છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોના જણાવ્યા અનુસાર, આ ગંદા પાણીના લીકેજની સમસ્યા કોઈ એક-બે દિવસની નથી, પરંતુ છેલ્લા પાંચ મહિનાથી આ જ સ્થિતિ યથાવત્ છે. અનેકવાર રજૂઆતો કરવા છતાં વડોદરા પાલિકાના એન્જિનિયરિંગ અને સફાઈ વિભાગ દ્વારા માત્ર લોલીપોપ આપવામાં આવે છે પરંતુ કાયમી ઉકેલ લાવવામાં તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. ગંદા પાણીની દુર્ગંધ અને સતત ટપકતા પાણીના કારણે વેપારીઓનો ધંધો પણ પ્રભાવિત થઈ રહ્યો છે.

મનીષ રવિન્દ્ર સાવંતને દોષિત ઠેરવી રૂ.50 હજારનો દંડ ફટકાર્યો

# પાણીગેટમાં બાળકી પર દુષ્કર્મ કરનારને 20 વર્ષની સખત કેદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23 વડોદરા શહેરના પાણીગેટ પોલીસ મથક વિસ્તારમાં 11 વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગંભીર કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. બાળકીની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપી મનીષ રવિન્દ્ર સાવંતને દોષિત ઠેરવી કોર્ટે 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ઉપરાંત રૂ.50 હજારના દંડ પણ ફટકારવામાં આવ્યો છે. શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં 11 વર્ષની બાળકી સાથે દુષ્કર્મની ચકચારી ઘટનામાં ન્યાયાલયે આરોપીને કડક સજા ફટકારી છે. બહેનપણીને મળવા તેના ઘરે ગયેલી બાળકી સાથે આરોપીએ દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી ન અટકતાં તેણે બાળકીને જાનથી મારી નાખવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.ભોગ બનનાર બાળકી પોતાની બહેનપણીને મળવા તેના ઘરે ગઈ હતી. જોકે, તે સમયે બહેનપણી ઘરે હાજર ન હતી અને આરોપી મનીષ રવિન્દ્ર સાવંત ત્યાં હાજર હતો. આરોપીએ ઘરમાં કોઈ હાજર ન હોવાનું કહી બાળકી સાથે અશ્લીલ હરકતો કરવાનો પ્રયાસ કર્યો હતો. બાળકી દ્વારા ઈનકાર કરવામાં આવતાં આરોપીએ તેને સોફા પર બળજબરીથી સુવડાવી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આરોપીએ બાળકીનું મોઢું બંધ રાખવા જાનથી મારી નાખવાની ધમકી આપી વારંવાર તેની સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. આ મામલે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ તપાસ અને હ્યુમન સોર્સિસની મદદથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે ભોગ બનનાર બાળકી તથા આરોપીની તબીબી તપાસ કરાવી હતી.

કરોડોની નવી કલેક્ટર કચેરી બની 'અસુવિધાનો અડ્ડો'

# પીવાના પાણી માટે વલખાં, ગંદકી અને બંધ કેમેરાથી અરજદારો ત્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ સરકાર ભલે 'સ્માર્ટ ગવર્નન્સ', 'ડિજિટલ ઈન્ડિયા' અને નાગરિકોને અત્યાધુનિક સુવિધાઓ આપવાના મોટા-મોટા બણગા ફૂંકતી હોય, પરંતુ વડોદરાની નવી કલેક્ટર કચેરીનું વાસ્તવિક ચિત્ર કંઈક અલગ જ કહાની કહી રહ્યું છે. સામાન્ય પ્રજાના કામો ઝડપથી થાય અને તેમને ઉત્તમ સુવિધાઓ મળે તે માટે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી આ 'હાઈટેક' કચેરી આજે તંત્રની ઉદાસીનતા અને બેદરકારીને કારણે અરજદારો માટે પરેશાનીનું કેન્દ્ર બની ગઈ છે. અહીં આવીને નાગરિકોને એવો અહેસાસ થાય છે કે જાણે 'વિકાસ' માત્ર હોર્ડિંગ્સ પૂરતો જ સીમિત છે. ઉનાળાની કાળઝાળ ગરમી હોય કે પછી બફારાભર્યું વાતાવરણ, સરકારી કચેરીના લાંબા ચક્કરો કાપતા અરજદારો ગળાની તરસ છીપાવવા માટે પાણીના કૂલર



તરફ દોડે છે. પરંતુ કમનસીબી એ છે કે આ નવી કલેક્ટર કચેરીમાં મૂકવામાં આવેલા પીવાના પાણીના કૂલરો કાં તો બંધ હાલતમાં છે અથવા તોમાંથી આવતું પાણી પીવાલાયક નથી હોતું. કરોડો રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચે સામાન્ય પ્રજા એક ગૂંટડો પાણી માટે વલખાં મારે, ત્યારે તંત્રના 'વાત-વચનો' પર હસવું કે રડવું તે નક્કી નથી થતું. દેશભરમાં 'સ્વચ્છ ભારત અભિયાન'ના ડંકા વાગી રહ્યા છે, પરંતુ કલેક્ટર કચેરીની દીવાલો અને ખૂણાઓ આ અભિયાનની જાણે મશ્કરી કરી રહ્યા હોય તેવું લાગે છે. કચેરીના કોરિડોર અને વેટિંગ વિસ્તારમાં જાણે સફાઈ કામદારોએ કાયમી રજા જ ન લીધી હોય. દિવાલો પર જામેલી ધૂળ, ઠેકઠેકાણે ફેલાયેલી ગંદકી અને છત પર લટકતા કરોળિયાના જાળાં જોઈને એમ લાગે કે આ કોઈ સરકારી વહીવટી મથક છે કે પછી કોઈ વર્ષોથી બંધ પડેલી પુરાતત્વ ઈમારત ? અરજદારોની સુરક્ષા અને કચેરીમાં પારદર્શિતા જાળવવા માટે લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરા પણ કાં તો બંધ છે અથવા તો શોભાના ગાંઠિયા સાબિત થઈ રહ્યા છે.

જ્યારે કચેરીમાં હજારો લોકો પોતાની સમસ્યાઓ લઈને આવતા હોય, ત્યારે સુરક્ષા ઉપકરણોનું આ પ્રકારે નબળું કે નિષ્ક્રિય હોવું તંત્રની ગંભીર બેદરકારીની પોલ ખોલે છે.